પરીપત્ર

ક્રમાંક: હિસાબી-૩ & હિસાબી-૪/વા.ઈ./૨૦૨૧-૨૨/ ૨૨૮૯૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર.
તા : ૨૭/૦૬/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
જિલ્લો - બનાસકાંઠા.

વિષય : વાર્ષિક ઈજાફો છોડવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રી ના નિયમો મુજબ સાતમાં પગારપંચ અન્વયે જે કર્મચારીઓને જુલાઈ માસમાં ઈજાફો છુટતો હોય તેમને ઈઝાફો છોડી સેવાપોથી માં નોંધ કરવાની રહેશે. જેથી આપની શાળામાં ફરજ બજાવતાં અને સાતમાં પગાર પંચ મુજબ પગાર મેળવતા તમામ કર્મચારીઓને જુન-૨૦૨૧ ના પગાર મુજબ પે મેટ્રિક્સનાં લાગુ પડતાં લેવલમાં ઈજાફાની રકમ ધ્યાનમાં લઈ શાળા દ્વારા રજુ કરવામાં આવતા જુલાઈ-૨૦૨૧ ના પગાર બીલના ડેટા સાથે આર.ટી.-૩ માં નીચે આપેલ નમૂનામાં તારીખ : ૨૫/૦૬/૨૦૨૧ થી તા :૦૩/૦૭/૨૦૨૧ સુધીમાં પગારબીલ રજુ કરવાના રહેશે. તારીખ : ૦૩/૦૭/૨૦૨૧ પછી આવેલ પગાર બીલ બાબતે જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી શાળાની ની રહેશે જેની નોંધ લેશો.

આર.ટી.- ૩ માં શાળામાં ફરજ બજાવતાં તમામ કર્મચારીઓના તમામ પ્રવાહ ના એમ્પલોઈઝ નંબરો ચડતાં ક્રમમાં દર્શાવવાના રહેશે. એમ્પલોઈઝ નંબરો ચડતાં ક્રમમાં દર્શાવેલ નહી હોય તેવી શાળાનું પગાર બિલ ધ્યાનમાં લેવામાં આવશે નહી. અને આ અંગે જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી શાળાની રહેશે.

જે કર્મચારીઓ તારીખ : ૩૦/૦૬/૨૦૨૧ ના રોજ વય નિવૃત્તિ ના કારણે નિવૃત્ત થતાં હોય અને સરકારશ્રી ના નિયમ મુજબ તારીખ : ૩૧/૧૦/૨૦૨૧ ના રોજ સત્રના લાભ સાથે નિવૃત્ત થનાર કર્મચારીઓનો ઈજાફો છોડ્યા સીવાય જુન ૨૦૨૧ માં જે પગાર મેળવતાં હોય તે જ પગાર દર્શાવવાનો રહેશે.

આર.ટી.-૩નો નમુનો

| ક્રમ | કર્મચારીનું નામ | એમ્પ્લોઈઝ નંબર | તા. ૦૧/૦૭/૨૦૨૧ ના રોજ ઈજાફો છોડવાથી | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | છઠ્ઠા પગારપંચ માં થતો પગાર | | | સાતમાં પગાર પંચમાં થતો પગાર | |
| | | | પે બેન્ડ | ગ્રેડ પે | કુલ પગાર | પગાર | લેવલ |
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર

નોંધ : (૧) ઘણી શાળા તરફથી કર્મચારીઓના એમ્પ્લોઈઝ નંબર ચઢતાં ક્રમમાં દર્શાવવામાં આવતા નથી જેના કારણે વેરીફીકેશન કરવામાં મુશ્કેલી ઉભી થાય છે. જે શાળામાં એમ્પ્લોઈઝ નંબરો ચઢતાં ક્રમમાં દર્શાવેલ નહી હોય તેવી શાળાના કર્મચારીઓના ઈજાફા છોડવામાં આવશે નહી.

(૨) સાતમાં પગારપંચ મુજબ જે કર્મચારીઓને હાલમાં જે પગાર મેળવે છે તેનું નજીકનું સ્ટેજ જે તે લેવલમાં લેવાનું રહેશે. દા.ત. ૯૩૦૦ - ૩૪૮૦૦ ગ્રેડ પે-૪૪૦૦ માં હાલ પગાર રૂા. ૬૨,૨૦૦/- મેળવે છે તો તેકર્મચારીને (મેટ્રીક્સ મુજબ)જુલાઇ ૨૦૨૧ માં રૂા. ૬૪,૧૦૦ મળવાપાત્ર થાય.

Scanned by CamScanner